

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લઈને મુઠ્ઠીમાં કાયદા ને અંબરમાં ઉડે છે,*
*લઈને સત્તાની તૂમાખી એ ગગનમાં ઉડે છે.*
*'નભે' - આવા પંખી પર પક્ષનો કોઈ કાબૂ નથી -*
*અભિમાની પ્રજા-પ્રતિનિધિ આકાશમાં ઉડે છે.*

હાઈકુ

*માર-પીટથી,*
*કનડે કર્મીઓ ને*
*આ વઢ વડગાળ!!*
*(આયા 'શિવ-સેના'ની)*

*ગુન્હાખોરી ને*
*ઉપર શિરજોરી -*
*ને જો હુકમી !!*
*(લ્યો ! કાયકવાડી)*

### ચિંતન

**તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।**
**વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥**

ઉપરોક્ત શ્લોક ભક્તિ ચિંતામણિમાંથી લેવામાં આવેલ ચે.

તે સર્વ ઈંદ્રિયો ને વશ કરી યોગીએ મારામાં તન્મય રહેવું; કેમ કે જેની ઈન્દ્રિયો વશ હોય છે, તેની બુદ્ધિ સ્થિર થાય છે.

ઈન્દ્રિયો ને કાબૂમાં લઈને પરમતત્વ એવા મારામાં મગ્ન બનીને શાંતો ચિત્તથી બેસનાર યોગીની પ્રજ્ઞા નિઃશંક સ્થિર છે. તે આત્મામાં સ્થિર છે. શ્રી શંકરાચાર્ય સમજાવે છે કે 'આસીત મત્પરઃ' એટલે 'હું તેનાથી જુદો નથી' એનું ધ્યાન કરવું જોઈએ.

તપ-ધ્યાન દ્વારા ઈન્દ્રિયોને વશ કરવી એ એક 'કસરત' જ એમાં પણ ઈશ્વરીય ચિંતન અને ભક્તિનો સુભગ સંજોગ તાય ત્યારે જ ભક્ત અને ભગવાનનો સંબંધ વાસ્તવિક બને છે.

### સુવિચાર

- જાતે નહીં હૈ કૌઈ દુનિયા સે દૂર ચલકે, મિલતે સભી યહીં હૈ કપડે બદલે કે - **અહમદ મકરાણી**
- 'સ્વ'ને પારખવાની, જગાડવાની, ઢંઢોળવાની વેળા એટલે જ નવું વરસ - **એસ. ભટ્ટાચાર્ય**
- આનંદ પરિસ્થિતિને આધીન નથી. આ ભ્રમનું નિવારણ કરી, સ્વયંમાં જ આનંદ સ્વરુપ જયોતિને શોધે. આમાં જ જીવનનું ગૂઢ રહસ્ય છે - **મુંબઈ સમાચાર**
- દયાપાત્ર થવાને બદલે ઈર્ષાપાત્ર થવું વધું શ્રેયસ્કર છે - **બંકિમચંદ્ર ચેટર્જી**
- જે નાવિક પોતાની ખેપનું અંતિમ બંદર જાણતો નથી,
  તેને અનુકૂળ હવા કયારેક વા'તી નથી - **મલેશિયન કહેવત**
- જ્ઞાનવિહીન ઉત્સાહ અંધારામાં સાફસૂફી કરવા જેવું છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : આફરો ચડ્યો હોય તો કાંદાના રસમાં શેકેલી હીંગ અને મીઠું ભેળવી પીવાથી રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ડેન્માર્કનો શિલ્પી બર્ટાન થોમસન. મુંગા પથ્થરનો બોલતા કરી દે એવી અદ્‌ભૂત કળા તેમની પાસે હતી. નારીની નમણાશ હોયકે વીરની વીરતા, શિલ્પમાં એને અનેરી છટાથી સાકાર કરે.

એ માનતો કે કળામાં પ્રગતિ માટે ગતિ સતત આવશ્યક છે. પોતે બનાવેલ શિલ્પને ધારીને અવલોકન કરે અને એમાં કોઈ અપૂર્ણતા રહી નથી ગઈ એનું સંશોધન કરે. એકવાર ડેન્માર્કના મહારાણીનું શિલ્પ બનાવ્યું. રાજા સહીત સમગ્ર ડેન્માર્ક દેશની પ્રજાએ આ શિલ્પને ઉમળકાથી વધાવી લીધું.

કિંતુ શિલ્પી બર્ટાન ના હૃદયમાં કોઈ આનંદ ન હતો, મુખ પર વિષાદ છવાયેલો હતો. સૌ શિલ્પને નિહાળ્યું પણ કયાંક ખામી જડે નહીં. સૌ શિલ્પીના વખાણ કરતા હતા. એકવાર દરબારમાં રાણીએ બર્ટાનને બોલાવી ઈનામ આપવાની જાહેરાત કરી. પ્રશંસા કરવા રાણી પુષ્પગુચ્છ આપવા લાગ્યા ત્યાં શિલ્પી એકાએક રોવા લાગ્યો. સૌને આશ્ચર્ય થયું કે આવા આનંદના પ્રસંગે શિલ્પીને કેમ શોક થયો હશે? રાણીએ શિલ્પી ને પૂછ્યું, 'આજે તમે સિદ્ધિની ટોચે બીરાજો છો અને અચાનક આજે વિષાદ કેમ ?' થોડીવાર શિલ્પીએ જવાબ આપ્યા, 'મહારાણી, જયારે મારા અગાઉના શિલ્પો હું જોઉં છું તો મને એમાં મને કોઈ ને કોઈ અપૂર્ણ લાગે અને એ જ કારણે મને પૂર્ણતા તરફ કદમ આગળ વધવાનો જુસ્સો અને જોશ રહે. પૂર્ણતા પામવા માટેનું પ્રેરક બળ જ અપૂર્ણતા છે. આજે આપના શિલ્પમાં મને કોઈ અપૂર્ણતા દેખાતી નથી. પૂર્ણતાનું ભાન થતાં પ્રગતિ અટકી પડે છે અને તેથી જ હું રડી રહ્યો છું.'

# ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા

**તંત્રીસ્થાનેથી...**

સીરિયામાં અમેરિકાએ રાસાયણિક હુમલાની પ્રતિક્રિયા સ્વરુપે ઝીંકેલી મિસાઈલોએ ફરી એક વાર અમેરિકા અને રશિયાને સામસામી છાવણીમાં વહેંચી દીધા છે. સીરિયાના પ્રમુખ બશર અલ અસદની સેવા ઉપર કયારેલ અમેરિકા હુમલાને કારણે રશિયન નેતા પુતિન અને અમેરિકા પ્રેસિડેન્ટ ડોલાન્ડ ટ્રમ્પ વચ્ચેના મીઠા સંબંધોમાં તિરાડ પડી શકે છે. ટ્રમ્પના પૂર્વસૂરિ ઓબામા વારંવાર સુરક્ષા પરિષદની બેઠકો દરમિયાન તેમજ આનંરરાષ્ટ્રીય શિખર પરિષદોમાં પુતિનની અસદ તરફી રાજનીતિની કડક આલોચના કરતા રહ્યા છે. પુનિત ઘણી વાર નારાજ થઈને અધવચ્ચે જ શિખર મંત્રણા છોડી ગયાના બનાવ પણ નોંધાયા છે. વિશ્વની બે લશ્કરી મહાસત્તાઓ સિરિયાના ગૃહયુદ્ધ અને ઈસ્લામિક આતંકવાદના મુદ્દે સામસામે આવી જાય એવી દહેશત વરતાતી રહી છે. તાજેતરની ઘટનાથી શાંત પડેલો ભારેલો અગ્નિ ફરી ભભૂકી ઊઠે એમાં એંધાણ લાગે છે. પુતિનની રાજહઠ અને અમેરિકાની સર્વોચ્ચતાને પડકારવાની નેમ સામે ટ્રમ્પનો સ્વભાવ અને તુમાખી આવી એકાદ ઘટનાને અણધારી ઢભે ત્રીજા વિશ્વયુદ્ધની ભૂમિકામાં ફેરવી શકે એમ છે. શીતયુદ્ધના સમયગાળામાં અમેરિકા અને રશિયા વચ્ચે વહેંચાઈ ગયેલી દુનિયાનો નકશો ધરમૂળથી બદલાઈ ગયો છે અને જે નવાં લશ્કરી સમીકરણો રચાયાં છે એમાં ચીન અને ઈરાક-ઈરાન ઉપરાંત ઉત્તર કરોયિાં જેવા દેશો કયાંક ને કયાંક ભયજનક રોલ ભજવતા હોવાનું અથવા ભજવી શકે એમ હોવાનું દેખાઈ રહ્યું છે. આવા બદલાયેલા પરિપ્રેક્ષ્યમાં પણ અમેરિકા પોતાની સર્વોપરિતા અકબંધ કૃતસંકલ્પ છે, તે નવા વરાયેલા પ્રેસિડેન્ટ ટ્રમ્પનાં છેલ્લાં નિવેદનો અને મિસાઈલ હુમલાઓથી સ્પષ્ટ થાય છે. અમેરિકાની ઐતિહાસિક ચૂંટણીમાં ટ્રમ્પને જિતાડવાની ચોપાટ પુતિના તજજ્ઞો દ્વારા બિછાવાઈ હોવાનું કહેવાય છે. ઓબામાથી નારાજ થયેલા પુતિને એમની તમામ તાકાત અને વગ વાપરીને ડોનાલ્ડ ટ્રમ્પ જેવ બખડ જંતરિયા નેતાની તરફેણ કરી જેને લીધે છેક છેલ્લા તબક્કા સુધી સ્પર્ધામાં આગળ ચાલતાં ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટરને ભારે પછડાટ મળી હતી. પરંતુ સિરિયામાં અસદની સેનાએ વર્તાવેલા કાળા કેર સામે અમેરિકા હાથ જોડીને બેસી રહે તો એની આંતરરાષ્ટ્રીય ઈમેજને ધક્કો પહોંચે એમ હતો. એથી અસદની સેનાને રશિયાની ખુલ્લી મદદ હોવાનું જાણવા હોવા છતાં ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકન અસ્મિતાના સંરક્ષણ ખાતર સિરિયન સેના પર એરબેઝ પર મિસાઈલો ઝીંકી હુમલા કરવાનો આકરો નિર્ણય લેવાની ફરજ પડી છે. આથી રશિયા છંછેડાયું છે અને રશિયાની માંગ પર મોડી રાતે સુરક્ષા પરિષદની બેઠક બોલાવવી પડી છે. અસદ સરકારને સમર્થન આપી રહેલ રશિયાએ અમેરિકને મિસાઈલ હુમલાને એક દેશ ઉપરના આક્રમણની શ્રેણીમાં ગણેલ છે. સીરિયાના હોમ્સ શહેર નજીક સેરાત એરબેઝ પર કરાયેલ મિસાલઈ હુમલાની છેલ્લી ફળશ્રુતિ એ છે કે એથી સિરિયાના આકાશમાં હવાઈ સંઘર્ષ પર બે લશ્કરી સત્તાઓ વચ્ચેની સમજૂતી તૂટી જવા પામી છે. શાંત જળમાં પથ્થર નાખવાથી વમળો ઊભાં થાય એમ આ હુમલા પછી મધ્યપૂર્વમાં ભારેલો અગ્નિ ફરી ભભૂકી ઊઠે તો એથી આખી દુનિયા દાઝે એવી સ્થિતિ સરજાઈ શકે છે.

# માલિકી હક્કના પુરાવા સિવાય પણ દસ્તાવેજ નોંધી શકાશે

**રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ની જોગવાઈનો ભંગ**



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

રાજય સરકારે તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડી સબ રજીસ્ટ્રારોને સૂચના આપવામાં આવી છે કે જમીન અને મીલ્કતોના માલીકોના પુરાવા રજુ કર્યા સીવાય પણ વેચાણ દસ્તાવેજ નોંધી શકાશે.

અત્યાર સુધી સબ રજીસ્ટ્રારમાં વેચાણ દસ્તાવેજ માટે રજુ કરવામાં આવે તે મીલ્કતના માલીકીના પુરાવા વેચાણ આપનાર મીલ્કતનું વર્ણન દસ્તાવેજની સાથે જોડવું પડતું હતું ત્યારબાદ દસ્તાવેજ નોંધણી કરવામાં આવતી હતી પરંતુ તાજેતરમાં નવા પરિપત્રથી વિવાદો સર્જાય તેવી પૂરેપૂરી શકયતા રહેલી છે હવે કોઈપણ વ્યક્તિ કોઈપણ મીલ્કતનો વેચાણ દસ્તાવેજ નોંધાવી શકે પછી ભલે તે વ્યક્તિ જે તે મીલ્કતન્નો માલીક હોય કે ના હોય કોઈ વ્યક્તિ સરકારી મીલ્કતનો વેચાણ દસ્તાવેજ નોંધવા આવે તો પણ સબ રજીસ્ટ્રાર ના પાડી શકે નહી સબ રજીસ્ટ્રારે માત્ર જે તે મીલ્કતની જંત્રી પ્રમાણેનો પુરતો સ્ટેમ્પ લગાવ્યો છે કે નહી તે જ જોવાનું રહેશે.

માલીકી હક્કના નામે અરજદારોને થતી ખોટી હેરાનગતી દૂર થશે પણ તેનાથી સ્થીતી વિપરીત થશે જે વ્યક્તિના નામે ખાતે જમીન, મકાન કે મીલ્કત ના હોય તેવી વ્યક્તિ પણ માલીકીના પુરાવા ઉભા કરવા માટે વેચાણ દસ્તાવેજ નોધાવી શકશે અગરતો આવી મીલ્કત વેચે શકશે જેનાથી સીવીલ લીટીગેશન ઉભા થશે અને મીલ્કતના ટાઈટલ્સ ક્લિયરીંગમાં વાંધા, તકરાર ઉભા થશે પરિણામે કોર્ટ તકરારમાં વધારો થશે.

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ મુજબ મીલ્કતના દસ્તાવેજ નોંધવામાં આવે છે આ માટે પોતાની મીલ્કત વેચાણ કરવા માટે મીલ્કત વેચનારે સબ રજીસ્ટ્રાર સમક્ષ ફોર્મ નં. એફ ભરવાનું હોય છે જેમાં મીલ્કતનું વર્ણન, ખરીદી વર્ષ, આપનાર, લેનાર તથા કિંમત જણાવવાની હોય છે તેની સાથે મીલ્કત વેચનારની માલીકીના પુરાવા જેમ કે જમીન હોય તો ૭-૧૨, ૮-અ તથા પોતાના નામે ખાતે મીલ્કત વારસાઈથી કે વેચાણથી આવેલ છે તેની અસલ નોંધ રજુ કરવાની હોય છે ગામતળનું મકાન હોય તો આકારણી પત્રક વાડાપત્રક હોય તો પણ આકારણી પત્રક રજુ કરવાના રહેતા.

ગુજરાત સરકારના નોંધણી સહ નિરીક્ષકે ૨૦૧૦ માં પરિપત્ર જાહેર કરી જણાવેલ કે વેચાણ દસ્તાવેજમાં માલીકીના પુરાવા રજુ કરવા ફરજીયાત કરેલ જે પરિપત્રનો તથા પરિપત્રથી કોઈ જ અર્થ સરે તેમ નથી.

નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સદરહુ પરિપત્ર અંગે વિવાદ થતા નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલા હુકમ મુજબ વેચાણ દસ્તાવેજની નોંધણી વખતે માલીકીના પુરાવાને કાયદાકીય પીઠબળ મળતું નથી તેવું સ્પષ્ટ જણાવેલ જેથી રાજય સરકારના નોંધણી સહ નિરીક્ષકે પુરાવા રજુ કરવાના પરિપત્રને રદ કરી નવો પરિપત્ર જારી કરેલ છે.

હાલનો નવો પરિપત્ર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના અર્થઘટને સમજ્યા સીવાય ઉતાવળમાં કરેલ હોવાનું જણાય છે જેથી સદર પરિપત્રમાં સુધારો કરવો અતિ જરૂરી છે નહીતર વિવાદો વકરે તેવી પરિસ્થિતી છે.

હાલના પરિપત્રથી માલીક, કબજેદાર નહી હોય તેવી ખોટી વ્યક્તિ પણ અન્ય વ્યક્તિની મીલ્કત બારોબાર વેચી નાખે તો કહેવાય નહી તેથી ઠગાઈના કિસ્સામાં વધારો થશે.

હાલમાં ગુજરાત સરકારના સીટમાં જમીન મીલ્કતના ઠગાઈના ઘણા કેસો પેન્ડીંગ છે. જેમાં વધારો થશે તથા ઈપીકો કલમ ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૦ તથા ૪૭૧ મુજબના ગુન્હામાં પણ વધારો થશે જેથી પોલીસ વિભાગનું કામકાજ પણ વધશે જુના ગુન્હા ઉકેલવામાં વર્ષો નિકળી જતા મીલ્કતના ટાઈટલ્સમાં વાંધા, તકરારો, કોર્ટ કેસો તથા રેવન્યુ લીટીગેશન ઉભા થતા જમીનના વિકાસમાં બ્રેક લાગશે હાલનો પરિપત્ર ૨૦૧૦ ના પરિપત્રને રદ કરતો હોય તથા નવા પરિપત્ર મુજબ સ્પષ્ટ જણાયેલ છે કે મીલ્કતના

અનુસંધાન પાના નં. ૭ પર

# કોઈ ઓરડીમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતુ - ન હતુ થઈ જાય



WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

કેટલાક લોકો યુવાનોની ખુશામત કરે છે અને માને છે કે યુવાનોને અમે પ્રેરણા આપીએ છીએ. પણ ખુશામત એ શરાબ છે, તેથી શૂર ચડાવવા માટે પછી દર વખતે તેને વધુ ને વધુ મોટો ડોઝ આપવો પડે છે.

આજના આ સમયમાં બહારથી બધું ટીપ-ટોપ અને સારું સારું અને અંદરથી સાવ ખોખલું છે. જો કે, કેટલાક યંગસ્ટર્સ તોછડા લાગે એટલી હદે પ્રામાણિક પણ છે. પોતાનો ગમો-અણગમો તરત જ વ્યક્ત કરી દે છે. આજની આ જનરેશન તર્કમાં માને છે. જો તેમની દરેક બાબતોનો સંતોષકારક જવાબ આપવામાં આવે તો તેમના ગળે એ વાત તરત જ ઉતરી જાય અને તેઓ આજીવન એને વળગી પણ રહે છે. તેમને ખોટી પ્રશંસાના રવાડે ચડાવવા એ આખાયે સમાજને ગેરમાર્ગે દોરવા જેવું ભયજનક છે. નોનવેજ ખાવું અને ડ્રીન્ક પીવું એ જાણે એક ફૅશન સ્ટેટમેન્ટ બની ગયું છે. પણ જો નવયુવાનોને પોતાની મેળે જ શાકાહારી બનવાના ફાયદાઓ સમજાઈ જાય તો તેઓ માંસાહારનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે. વનસ્પતિમાં જે પ્રોટીન રહેલું છે તે પહેલાં કોઈ પશુ ખાય, ને પછી તે પશુનું માંસ માનવી ખાય, તો મૂળ પ્રોટીનનો ફક્ત દસમો ભાગ માણસના પેટમાં પહોંચે છે. પ્રોટીન મેળવવાનો આ તો અત્યંત ખર્ચાળ રસ્તો કહેવાય - વળી જો બધા લોકો માંસાહારનો ત્યાગ કરે તો આજના કરતાં ત્રણગણી વસ્તી પૃથ્વી પર પોષાઈ શકે, અથવા આજની વસ્તીને આજના કરતાં ત્રણ ગણો પોષણદાયી ખોરાક મળી શકે. આ ઉપરાંત આખા ગ્રુપમાં એક કે બે વ્યક્તિ જયારે આલ્કોહોલ અને નોનવેજનો ત્યાગ કરે અથવા ન લે ત્યારે આપોઆપ અન્ય મિત્રોને પણ એક સકારાત્મક વિચાર મળે છે અને એ જ આપણી સંસ્કારિતા અને કેળવણીનું સાચું પ્રમાણ છે.

નિયમિત રીતે આલ્કોહોલનું સેવન કરવા માત્રથી તે વ્યક્તિ અછૂત, વર્જ્ય કે દોષિત બની જાય છે તેમ માનવું સદંતર ભૂલભરેલું છે. પણ આલ્કોહોલનું સેવન જયારે એક અભિવ્યક્તિના માધ્યમ તરીકે થાય ત્યારે સમસ્યા સર્જાય. પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ કરનારા આપણે અંદરથી હજી પણ ટીપીકલ ઈન્ડિયન જ હોવાને કારણે આલ્કોહોલને પચાવી કે જીરવી શકતા નથી. અને એટલે જ આપણે આલ્કોહોલ એ એક સામાન્ય પીણા તરીકે નહીં પણ એક laxative (રેચક) તરીકે લઈએ છીએ. પ્રેમ, નફરત, ગુસ્સો કે ધૃણા જે આપણે કોઈની સામે વ્યક્ત કરતાં અચકાતા હોઈએ એ આલ્કોહોલના સેવન બાદ સરળતાથી કરી શકીએ છીએ એમ આપણું માનવું છે જે સદંતર વાહિયાત અને બાલિશ બાબત જ ગણાય. આપણી ભાવનાઓ કે ઈચ્છાઓ પ્રદર્શિત કરવા આપણે પોતે જ સક્ષમ હોવા જોઈએ. શ્રી કાકા કાલેલકર લખે છે કે, 'લોકો પોતાનું પાપ છુપાવે છે, એના કરતાં પોતાની નિરાશા અને પોતાનો થાક માણસે છુપાવવો જોઈએ. પાપ ઉઘાડું કરવાથી એનું ઝેર નીકળી જાય છે; પણ થાક અને નિરાશા વ્યક્ત કરવાંની સાથે વધે છે અને પ્રતિષ્ઠિત થવા માગે છે.'

આજના આ સમયમાં ઈમોશનલી કોઈનું શોષણ કરનારા લોકોનું પ્રમાણ વધ્યું છે. પોતે હતાશ છે કે નિરાશ છે એવું ૧૦ માંથી ૭ વ્યક્તિઓનું માનવું છે. થોડા ઘણા અંશે તે સાચું પણ હશે પણ પ્રશ્ન ત્યારે ઉદ્‌ભવે જયારે વ્યક્તિ પોતાની એ નિરાશા અને હતાશાને સાધનરુપે વાપરીને સહાનુભૂતિ કે પ્રેમ મેળવવાની ઝંખના કેળવે. તેને પોતાની આ નબળાઈ પ્રત્યે લોકોનું ધ્યાન અને attention મેળવવાની ઝંખના જાગે. અને આવા સમયે જો તેને પૂરતું attention કે ધ્યાન ન મળે તો તેની નિરાશા અને હતાશા વધુ ઘેરી બની જાય છે. સૌ પ્રથમ તો જીવનમાં આવતી નાની-મોટી સમસ્યાઓનું સમાધાન કરવાની અને તેનો સામનો કરવાની વ્યક્તિની પોતાની ક્ષમતા હોવી જરૂરી છે અને તેમ છતાં જો સંજોગો વધુ પ્રતિકૂળ બને તો પણ અન્ય જગ્યાઓએ તેનો દેખાડો કરવાથી પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ વણસી શકે છે.

તમે કયા પ્રકારનું વાંચન કરો છો અને તમારી આસપાસ કેવા પ્રકારના લોકો છે તેનો સૌથી વધુ પ્રભાવ વ્યક્તિના વ્યક્તિત્વ પર પડે છે. Friend Circle પરથી અને વ્યક્તિના વાંચન પરથી તે કેવા પ્રકારનો છે તેનું અનુમાન કરી શકાય. તમે જે વાંચન કરી રહ્યા છો કે જે મિત્રો સાથે બેસો છો તે યોગ્ય છે કે નહિ તે જાણવા માટે તમારી જાતને પ્રશ્ન કરવો કે આ વાંચન અને કંપનીથી તમારા વિચારોમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે? તમે આજે જે છો તેનાથી વધુ વિનમ્ર, helping કે caring વ્યક્તિ બન્યા હો તો તમારું વાંચન તેમજ સંગ બંને ઉત્તમ પ્રકારનો છે તેમ માનવું. પણ જો તમે જે કંપનીમાં છો તેનાથી તમે વધુ નકારાત્મક, નિરાશાવાદી અને તોછડા થઈ રહ્યા હો તો તમારે તમારું વાંચન તેમજ કંપની બંને વહેલામાં વહેલી તકે બદલવાની જરૂર છે. અને હા, ઉતાવળમાં આવીને ત્યાગી ન બનશો. પણ જેટલું તજો એ ઉત્સાહથી તજજો અને એ ત્યાગ શોભાવજો. ત્યાગ કરવા કરતાં ત્યાગને લાયક બનવું ઘણું કઠણ છે. નકામી વસ્તુઓનો ત્યાગ કરવો, એ સિદ્ધાંત જ્ઞાનસંગ્રહમાં પણ જરૂરી છે. જયારે તમને તમારું જીવન સંપૂર્ણપણે સમજાઈ જશે અને તમે એનો સંપૂર્ણપણે સ્વીકાર કરી લેશો ત્યારથી તમને જીંદગીનો નશો ચડી જશે, ઈશ્વરની રચેલી આ સૃષ્ટિનો નશો ચડવા લાગશે. વાસ્તવિકતાથી દૂર ભાગવાની કે સ્વપ્નની દુનિયામાં રાચવાની કોઈ જરુરિયાત જ નહિ રહે. જિંદગીને જેવી છે તેવી જ ચાહવાની અને માણવાની તમને ટેવ પડી જશે. જાતને આનંદમાં રાખવા કોઈ નશીલા પદાર્થોનો સહારો લેવાની જરૂર નહિ રહે. મનગમતા પુસ્તકોના વાંચનનો જ નશો ચડશે અને મનગમતાં મિત્રોના સંગાથનો પણ નશો ચડશે.

**Last Seen :**

અજ્ઞાન દૂર કરવા માટે હજાર વરસની જરૂર નથી. ખોટા ખ્યાલો ને ભ્રમણાનો છોડી દેતાં ઘણી વાર લાગે છે પણ અજ્ઞાન તો પોલાણ જેવું છે, એને દૂર કરતાં વાર નથી લાગવાની. કોઈ ઓરડીમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતું - ન હતું થઈ જાય.

nehalgadhavi101@gmail.com

# શંકરસિંહ-અમિત 'સિંહ'ના ચાના પ્યાલાનું તોફાન



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- વાહ રે, બાપુ, કેવી રચી માયાજાળ કે શાહને ગળે મળીને જનરલ ડાયર કહેવાનો ખેલ કરો
- ખરતા પાન એવા પોતાનું ગોઠવવાને બદલે મહેન્દ્રસિંહનું ભાજપમાં ચોકઠું ફીટ કરવા ઉધામા
- અમરેલીના પટેલ ધારાસભ્ય પરેશ ધાનાનીને વિપક્ષી નેતાપદ આપવાનો વિચાર અને માંડવાળ
- સત્તાપક્ષ અને વિપક્ષની ચાલતી રહેલી જુગલબંધી પછી વિધાનસભા ચૂંટણીમાં પણ મૈત્રીપૂર્ણ લડત

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને પોતાને કૉંગ્રેસના મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર લેખાવતા શંકરસિંહ વાઘેલાએ સાથે મળીને વિધાનસભામાં વિપક્ષના નેતાના કાર્યાલયમાં ગોષ્ઠિ કરી, એ મુદ્દે ભારે વિવાદવંટોળ જાગ્યો છે. શંકરસિંહે જેમને આંગળી પકડાવીને જનસંઘ-ભાજપની પેઢીઓનું રાજકારણ શીખવ્યું એ હવે બળવાખોર બાપુને ચેકમેટ કરવાના વ્યૂહ ખેલે છે.પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકે બાપુના મહામંત્રી રહેલા અત્યારના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પછી મૂળ માણસાના વૈષ્ણવ એવા ધારાસભ્ય અને ભાજપી અધ્યક્ષ અમિત શાહ હવે બળૂકા અમિતસિંહ બનીને પ્રભાવ પાથરી રહ્યા છે.

ગૃહ રાજ્યપ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ શંકરસિંહ સાથે અમિત શાહ ચા પીવા ઈચ્છુક હોવાનો સમય માંગ્યો. વિધાનસભા ચાલુ હતી. અમિત શાહ પાંચમાંથી ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ફતેહ કરીને વાજતેગાજતે ગાંધીનગર પધાર્યા હતા. વિધાનસભાની આગામી ચૂંટણી જીતવા માટેના વ્યૂહ ઘડવા મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલનો "ક્લાસ" લેવામાં પરમપૂજ્ય અમિતભાઈ (૧૯૯૭થી વિધાનસભ્ય. ગુજરાતના ગૃહ રાજ્યપ્રધાન રહ્યા પછી હવે એ નારણપુરાના ધારાસભ્ય છે અને સાથે જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે) વ્યસ્ત હતા. આ વ્યસ્તતાની વચ્ચે વિધાનસભામાં એમણે ૪૦ મિનિટ સુધી ભાજપના સુવર્ણયુગીન મોદીબ્રાન્ડ શાસન વિશેનું ભાષણ કર્યું. વિજયભાઈ તેમજ નીતિનભાઈથી લઈને પક્ષના પ્રવક્તા લગીના સૌ આફરીન પોકારી ગયા. વિપક્ષના નેતા બાપુ પણ અંદરખાને હરખપદૂડા થવા સ્વાભાવિક છે કારણ આ વછેરાને ક્યારેક એમણે પલોટ્યો હતો,ભલે જાહેરમાં યશ ના આપે.

વિધાનસભામાં વિપક્ષના નેતા અને મુખ્ય પ્રધાન વચ્ચેની નિયમિત શિષ્ટાચાર મુલાકાતો ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે નરેન્દ્ર મોદી આવ્યા ત્યારથી બંધ થઈ હતી. અમિતભાઈ લાવલશ્કર સાથે શંકરસિંહની ચા પીવા વિપક્ષના નેતાના કાર્યાલયે ગયા. એ જ દિવસે અમિત શાહના વિરોધમાં બાપુની કૉંગ્રેસના ધારાસભ્યો 'જનરલ ડાયર (અમિત શાહ)' જેવાં ફલક સાથે દેખાવો કરતા હતા. વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ તમામ ધારાસભ્યોને ભોજન માટે નિમંત્ર્યા, પણ શંકરસિંહ એ ભોજનનો પક્ષ વતી બહિષ્કાર પણ કરતા હતા.

આ બધાની વચ્ચે અમિત શાહ આણિ મંડળી સાથે હરખપદૂડા થઈ ચા પીવા ધારાસભ્ય-દીકરા મહેન્દ્રસિંહના વેવાઈ અને કૉંગ્રેસી ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂત સહિતનાઓ સાથે બાપુ ટીવી ચેનલો પર ઝળકતા હતા. ભાજપના પ્રધાનો અને સ્વયં અમિત શાહ વિધાનસભામાં ૧૩ પાનાંના ભાષણમાં સોનિયા-મનમોહન સિંહ અને કૉંગ્રેસને ભાંડી રહ્યા હતા ત્યારે શંકરસિંહ હરખભેર અમિતભાઈને ચા પીરસી રહ્યા હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શાહ પાછા જાહેર નિવેદન પણ કરે છે કે જેમને પોતાના પક્ષમાં ફાવતું ના હોય એમનું ભાજપમાં સ્વાગત છે !

સંઘ પરિવારમાં ઉછરેલા અને ક્યારેક ખજૂરાહોવાળી કરીને મુખ્ય પ્રધાન પણ બનેલા શંકરસિંહ વાઘેલા ૭૫ વટાવી ગયા હોવાથી પોતાની બાજી ગોઠવવાને બદલે દીકરા મહેન્દ્રસિંહનું ચોકઠું ભાજપમાં ફીટ કરવા ઉધામા મારી રહ્યા હોવાના સંકેત ઘણા વખતથી મળતા રહ્યા છે. રાજ્યમાં ભાજપ બે દાયકા કરતાં પણ વધુ સમયથી રાજ કરે છે, કૉંગ્રેસ પક્ષમાં અને નેતા-કાર્યકરમાં લડી લેવાનો મિજાજ ઝાઝો જોવા મળતો નથી. પાટીદાર અનામત આંદોલન વખતે ભાજપ ભણી પટેલોના રોષનો લાભ કૉંગ્રેસને મળ્યો અને ૩૩ જિલ્લા પંચાયતોમાંથી ૨૩ જિલ્લા પંચાયતો પર કૉંગ્રેસનો ઝંડો લહેરાયો. જોકે, જિલ્લા પંચાયતોને નર્તન કરાવતો રિમોટ તો ગાંધીનગરમાં સત્તા ધરાવતી ભાજપ સરકાર પાસે અને સંબંધિત જિલ્લાના વિકાસ અધિકારી પાસે હોય છે.

ઉત્તર પ્રદેશ સહિતનાં પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ચાર રાજ્યો ભાજપને ફાળે જતાં ગુજરાત નિશ્ચિતપણે ભાજપ જીતશે, એવી હવા બંધાઈ છે. જોકે, શંકરસિંહ મહિનાઓથી ૧૦, જનપથ (પક્ષનું મોવડીમંડળ) એમને મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર જાહેર કરે એની પ્રતીક્ષામાં છે. પ્રતીક્ષા લાંબી ચાલી. દ્રાક્ષ હવે ખાટી હોવાનો અનુભવ થવા માંડ્યો ત્યારે એમણે અમિત શાહ સાથેની ટી-પાર્ટી થકી પક્ષના મોવડીમંડળને સંકેત આપવાનો પ્રયાસ કર્યો. આમ પણ બાપુ 'આપણે તો ભૈ પછેડી ખંચેરી નાંહીન ઊભા થૈ જવા'માં માનનારા છે. કૉંગ્રેસમાં હજુ એમને ગોઠતું નથી. ૧૦, જનપથ એમનો ભરોસો કરે એવું નથી. સોનિયા દરબારમાં અહેમદ પટેલનું ચલણ છે એટલે ધૂંઆપૂંઆ બાપુ પોતે મૃત્યુને ભેટીને કોઈને વિધવા કરવા જેવી પેલી કહેવતના મૂડમાં આવી ગયા છે.

વિધાનભવનમાં અમિત શાહ સાથે હરખપદૂડા થઈને 'ઍફણ-કહૂંબા'ની જેમ ટી-પાર્ટી યોજી એટલે મોવડીમંડળે એમને અને ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ ભરતસિંહ માધવસિંહ સોલંકીને દિલ્હી તેડાવ્યા. ઓછામાં પૂરું સંયોગ એવો થયો કે જે વિમાને ચડીને દિલ્હી જવાનું થયું એમાં પાછા અમિત શાહ ભેટી ગયા. '૧૦, જનપથ' પોતે જ ચાર રાજ્યોના પરાજયનો શોક મનાવવામાં છે એટલે શંકરસિંહની ગુસ્તાખી બદલ હકાલપટ્ટી કરવા જેવો અંતિમવાદી નિર્ણય કરવાની સ્થિતિમાં એ નથી, પણ બાપુના વર્તન ભણી અણગમો જરૂર વ્યક્ત કર્યો છે. ભરતસિંહ પાછા મગનું નામ મરી પાડે નહીં એટલે હવે આવતા દિવસોના ઘટનાક્રમ ભણી જ મીટ માંડવી પડે.બાપુ પાછા મૂળ ભાજપી ગોત્રના એટલે સંઘ-સંસ્થાપક ડૉ.કેશવ બલિરામ હેડગેવાર જેવા કૉંગ્રેસી નેતાથી વિપરીત રોજેરોજ પત્રકાર પરિષદો ભરીને મીડિયામાં છવાયેલા રહેવાની એમણે ફાવટ ઘણી. કૉંગ્રેસ મોવડીમંડળે અમરેલીના આશાસ્પદ પટેલ ધારાસભ્ય પરેશ ધાનાનીને બાપુને ઊઠાડી મૂકીને વિધાનસભામાં વિપક્ષી નેતાપદ આપવાનો વિચાર કરી જોયો, પણ બાપુ વીફરે તો બધું રહ્યુંસહ્યું પણ રમણભ્રમણ કરી દે એટલે ધીરાં બાપુડિયાંનો મંત્ર જપવાનું પસંદ તો કર્યું.જોકે બળવાખોર બાપુ શું કરે એ કાંઈ કહેવાય નહીં.એમણે રટણ તો ચાલુ રાખ્યું છે કે ભાજપમાં જવાનો નથી, પણ ક્યારે મહેન્દ્રસિંહ કાજે પલટી મારે એ તો એ જ જાણે.

અનુસંધાન પાના નં. ૭ પર